# શિક્ષણને ઉચ્ચ પ્રાથમિકતા અપાઈ રહી છે : મુખ્યમંત્રી

## ગુણવક્તાયુક્ત શિક્ષણ સામુહિક જવાબદારી સેમિનારનો રૂપાણીએ પ્રારંભ કરાવ્યો : આધુનિક શિક્ષણ પર ભાર

અમદાવાદ, તા.૪

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શિક્ષકના વ્યવસાયને નોબેલ પ્રોફેશન ગણાવતા જણાવ્યું છે કે, ભાવિ પેઢીના ઘડતરની શ્રધ્ધા અને વિશ્વાસ સમાજ આજના યુગમાં શિક્ષક ઉપર મુક્તો હોય છે. આ વિશ્વાસ ભરોસો શિક્ષક સમુદાય સુપેરે પાર પાડીને વિશેષ જવાબદારીથી બાળકમાં સંસ્કાર સિંચનથી તેની આંતરિક શક્તિઓને શિક્ષક સજ્જતાથી ખિલવે તેવું પ્રેરક આહવાન પણ તેમણે કર્યું છે. મુખ્યમંત્રીએ રાજયના શિક્ષણ વિભાગના ઉપક્રમે મહાત્મા મંદિર ગાંધીનગરમાં ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ સામુહિક જવાબદારી સેમિનારનું ઉદઘાટન કર્યુ હતું. વિજય રૂપાણીએ સ્પષ્ટ પણે ઉમેર્યું કે, ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન અને રોલ મોડેલ છે ત્યારે તેના મૂળભૂત પાયામાં રહેલા શિક્ષણને અહેમિયત આપવી એ શિક્ષકવર્ગનું દાયિત્વ છે. મુખ્યમંત્રીએ રાજય સરકાર પ્રારંભિક શિક્ષણ પ્રાથમિક શિક્ષણને ટોપ પ્રાયોરિટી આપીને શિક્ષણ તથા આનુષાંગિક સવલતો માટે માતબર બજેટ ફાળવે છે તેની ભૂમિકા આપી



હતી. તેમણે કહ્યું કે, રાજયમાં સમયાનુકુળ માંગ અનુરૂપ ઈ ક્લાસ, સ્માર્ટ લર્નીંગ જેવી સુવિધાઓ સરકારી શાળાઓમાં પણ સહજ બનાવીને સરકારી શાળામાં અભ્યાસ કરતા ગરીબ, મઝદુર વંચિત, શોષિત પરિવારોના બાળકોને પણ શ્રેષ્ઠ શિક્ષણ આપવાની નેમ સરકારે રાખી છે. મુખ્યમંત્રીએ બાળકના પાયાના ઘડતરથી જ તેને પડકારો ઝિલવા સક્ષમ બનાવવા તેમજ માત્ર સિલેબસ જ નહિ સંસ્કાર ગુણવત્તાનું શિક્ષણ આપવા શિક્ષકવર્ગોને આહવાન કર્યું હતું. વિજય રૂપાણીએ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે રાજ્યના જે શિક્ષકોએ સ્વયં ઈનીશ્યેટીવ્ઝ લઈને જે નવોન્મેષી પ્રયોગો કર્યા છે તેની સફળતાની ગાથા અન્યો માટે પ્રેરક બને તે માટે તેનું દસ્તાવેજીકરણ કરીને અંતરિયાળ દુર દરાજના ક્ષેત્રો સુધી પહોંચાડવાનું સુચન પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે ગુણોત્સવ શાળા પ્રવેશોત્સવ જેવા રાજય સરકારના કાર્યક્રમોથી સમાજમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનું જે વાતાવરણ બન્યું છે તેને સંવેદના સાથે છેક નીચેના સ્તર સુધી પહોંચાડીને ગુજરાતમાં સાર્વત્રિક શ્રેષ્ઠ શિક્ષણ સ્થિતી સર્જવી છે. આ સરકાર શિક્ષક સમુદાયની પડખે ઊભી રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે શિક્ષકોને આ માટેના સંવાહક બનવાની પ્રેરણા આપતાં કહ્યું કે ઈશ્વરે આ શિક્ષક સમુદાયોને ભાવિ પેઢીમાં સંસ્કાર સિંચન અને શક્તિ ખિલવવાની જે ઉમદા તક આપી છે તેનો સમુચિત ઉપયોગ કરીને ઉમદા ચારિત્ર્યવાન અને ગુણવત્તાયુક્ત શિક્ષિત પેઢી તૈયાર કરવાનો સેવાભાવ જ શિક્ષક ધર્મની સાર્થકતા સાકાર કરશે. ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ સામુહિક જવાબદારી આત્મચિંતન શિબિરમાં રાજયના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સમાજમાં સામુહિક જવાબદારી નિર્માણ કરવી પડશે.



# દિવ્યાંગજનો સાથે મુખ્યમંત્રી ક્રિકેટ રમ્યાં

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે દિવ્યાંગો માટેના બીજા ટી-૨૦ વર્લ્ડ કપની સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે યોજાયેલ ક્રિકેટ મેચમાં ઉપસ્થિત રહીને દિવ્યાંગ ક્રિકેટરોનો ઉત્સાહ વધાર્યો હતો. ભારત-શ્રીલંકા વચ્ચે યોજાયેલ ક્રિકેટ મેચમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રીએ જણાવ્યું કે સમાજ સાથે રાજ્ય સરકાર પણ દિવ્યાંગજનોની શક્તિઓને ઉજાગર કરવા માટે કટિબદ્ધ છે. તેમણે વિકલાંગ ક્રિકેટરો પ્રત્યેની સંવેદનાનો સ્વાનુભવ કરતાં બેટીંગ કરી હતી. મુખ્યમંત્રીએ ભારત-શ્રીલંકાની મેચમાં મેન ઓફ ધ મેચ બનેલ પ્રકાશકુમાર તથા ગુજરાતના ખેલાડી ચેતન પટેલને ટ્રોફી અને ઈનામ સાથે સન્માનિત કર્યા હતા. મુખ્યમંત્રીએ ભારતની ટીમને વિજેતા થવા બદલ અને આયોજકોને ગુજરાતમાં આવા ક્રિકેટ ફોર ધ બ્લાઈન્ડનું સુંદર આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાતના જાણીતા ક્રિકેટ ખેલાડીઓ પાર્થિવ પટેલ તથા જસપ્રિત બુમરાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રી આત્મારામભાઈ પરમાર, ધારાસભ્ય જગદીશભાઈ પંચાલ, મેયર ગૌતમભાઈ શાહ, સ્વામી આધ્યાત્માનંદજી મહારાજ, ક્રિકેટ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડના પ્રમુખ વિનોદભાઈ પટેલ, ઉપ પ્રમુખ સિલ્વા પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજના પલ્લાચરમાંથી ૪ પાડા ભરેલ છોટાહાથી પોલીસે ઝડપી પાડયું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પલ્લાચર પાસેથી બીનઅધિકૃત રીતે ચાર પાડા ભરેલ છોટા હાથી પ્રાંતિજ પોલીસે પકડી પાડી છે. છોટાહાથીમાં પાડા ભરીને લઈ જવાની બાતમી પ્રાંતિજ પોલીસને પહેલાથી જ મળી હતી અને પલ્લાચર રામજી મંદિર પાસેથી છોટાહાથી નંબર-જીજે.૨.ઝેડ. ૮૯૭માં ચાર પાડા બીનઅધિકૃત રીતે કોઈ પણ જાતની પાસ પરમીટ કે ગાડીમાં રેતી કે ઘાસની સગવડ કર્યા વગર લઈ જતાં પોલીસે છોટાહાથી પકડી પાડતાં ચાર પાડા જેની કિંમત ૧૬૦૦૦ છોટાહાથીની કિંમત ૧૫૦૦૦૦ મળી કુલ ૧૬૬૦૦૦ સહિત છોટાહાથીનો ચાલક જીવાભાઈ ગાભાભાઈ ચમાર રહે.ગોરા આંજણા અને અન્ય એક ઈસમ ઈશાક અનવર ભટ્ટી રહે. છાનાપુર, તલોદની અટકાયત કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



આસમાન ફાઉન્ડેશન દ્વારા ગરીબ બાળકોના લાભાર્થે તા. ૧ થી ૫ ફેબ્રુઆરી આઈ.આઈ.એમ. રોડ ખાતે ફૂડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જી.આઈ.ટી.ના વિદ્યાર્થીઓ વોલીયેન્ટર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

# આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખેડબ્રહ્મામાં શહીદ દિનની ઉજવણી કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૪

ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં તા. ૩૦-૧-૧૭ના રોજ એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે શહીદ દિનની ઉજવણી કરવામાં આવી હતી. મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિનને 'શહીદ દિન' તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે દેશની સંરક્ષા, સુરક્ષા અને સમૃદ્ધિ માટે સ્વાતંત્ર્ય સેનાનીઓએ જે બલિદાન આપ્યું હતું તેને ધ્યાનમાં રાખી કોલેજમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત કોલેજમાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, વ્યાખ્યાન અને બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓ સમક્ષ કોલેજના પ્રિન્સિપાલ એન.ડી. પટેલે આજના સમયમાં ગાંધીજીની પ્રસ્તુતતા પર મનનીય વાત કરી હતી. આ સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. કાસમ બ્લોચે કામગીરી સંભાળી હતી. પ્રા. ડૉ. રોહિત દેસાઈએ ગાંધીજીના જીવન વિશે રસપ્રદ વ્યાખ્યાન આપ્યુ હતુ.

ત્યાર બાદ સવારે ૧૧ કલાકે સમગ્ર કોલેજ દ્વારા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ એન.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ. એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. મંજુ ખેર અને પ્રા. ડૉ. હેમંત સુથારે કર્યું હતું.

# રાંધણગેસમાં અસહ્ય ભાવવધારો ઝીંકી ગૃહિણીઓની આંખોમાં ધુમાડો નાખતું ભાજપ સરકાર

**ત્રણ વર્ષ અગાઉ પ્રતિ બેરલે ૧૫૦ ડૉલરના ભાવ સામે અત્યારે માત્ર ૫૫ ડૉલર ભાવ હોવા છતાં રૂ. ૪૩૦ના ગેસ સિલિન્ડરનો ભાવ રૂ. ૭૦૬ કરી ભાજપ સરકાર દ્વારા ઉઘાડી લૂંટ : ડૉ. હિમાંશુ પટેલ**

અચ્છે દિનના સ્વપ્ના બતાવી ગરીબ અને સામાન્ય પ્રજાની દૂર્દશા કરનાર ભાજપ સરકારે રાંધણગેસના ભાવમાં અસહ્ય વધારો કરી મંદી અને મોંઘવારીના સમયમાં આમજનતાની કમરતોડી નાંખી છે. રાંધણગેસના સિલિન્ડરમાં સક્ષમ વર્ગને સબસિડી છોડી ગરીબ ગૃહીણીઓને લાભ આપવાની પોકળ જાહેરાતો કરનાર પ્રધાનમંત્રીએ ફરી એકવાર પ્રજાને ગુમરાહ કરી રાંધણગેસમાં રૂ. ૬૭ જેટલો ભાવવધારો કરી ગૃહીણીઓનું આર્થિક બજેટ વેરવિખેર કરી નાખ્યુ હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી બનવા માટે અચ્છે દિનના સ્વપ્ના બતાવનાર નરેન્દ્ર મોદીએ ઉજ્જવલા યોજના હેઠળ ગરીબ અને ગ્રામીણ મહિલાઓને રાંધણગેસના બાટલા આપવાની ઘણી મોટી જાહેરાતો કરી છે. ગરીબ અને ગ્રામીણ મહિલાઓને ચૂલાના ધુમાડાથી આંખો તેમજ તંદુરસ્તીને નુકસાન થતું અટકાવવા માટે સક્ષમ વર્ગને સબસિડી જતી કરવા પણ પ્રધાનમંત્રીએ અપીલ કરી હતી. આ યોજના પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરનાર ભાજપ સરકારે ફરી એકવાર રાંધણગેસના ભાવમાં ૬૭ રૂપિયા જેટલો ધરખમ વધારો કરતા રાંધણગેસના એક બાટલાનો ભાવ રૂ. ૭૦૦ સુધી પહોંચી ગયો છે. જેના કારણે ગરીબ અને સામાન્ય વર્ગ ઉપર કમરતોડ આર્થિક બોજો જીંકાયો છે. કેન્દ્રમાં ભાજપે સત્તા સંભાળ્યાના અઢી વર્ષમાં કુલ દોઢસો થી બસ્સો રૂપિયા જેટલો ભાવવધારો રાંધણગેસના બાટલા ઉપર ઝીંકવામાં આવ્યો છે. સબસિડીના નામે કરોડો રૂપિયાનું આંધણ કરતી ભાજપ સરકારે જરૂરીયાતમંદ વર્ગને લાભ આપવાના બદલે રાંધણગેસના ભાવમાં સતત ભાવવધારો ઝીંકતા રહી ગરીબ અને સામાન્ય વર્ગની ગૃહિણીઓનું બજેટ વેરવિખેર કરી નાખ્યું છે.

ભાજપ સરકારે સત્તા સંભાળી ત્યારથી મંદી અને મોંઘવારીના માર વચ્ચે ગરીબ અને સામાન્ય વર્ગ પિસાઈ રહ્યો છે તેમાં પણ નોટબંધી પછી આર્થિક અરાજક્તા વ્યાપી જતાં સામાન્ય વર્ગની હાલત કફોડી થઈ ગઈ છે. પ્રધાનમંત્રીએ કેન્દ્રીય બજેટમાં ગરીબ અને મધ્યમ વર્ગની ગૃહિણીઓને રાંધણગેસ સહિત અન્ય રાહતો આપવાના બદલે પાછલા બારણે આ ભાવવધારો કરી મહિલા અને ગ્રામીણ વિરોધી નીતિ અપનાવી છે. વાસ્તવમાં યુપીએ સરકાર વખતે રાંધણગેસમાં યુ.એસ. ડૉલર પ્રતિ બેરલ ૧૫૦નો ભાવ હતો ત્યારે રાંધણગેસનો ભાવ રૂ. ૭૦૦ કરતા ઓછો હતો. અત્યારના સમયે યુ.એસ. ડૉલર પ્રતિ બેરલનો ભાવ માત્ર ૫૫ રૂપિયા છે. રાંધણગેસ સિલિન્ડરનો ભાવ રૂ. ૭૦૬ જેટલો કરી ભાજપ સરકારે ગરીબોને ખૂલ્લેઆમ લૂંટવાની યોજના અમલમાં મૂકી છે.

## ચારધામને...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયાથી વધારેના આ પ્રોજેક્ટની શિલાન્યાસ પ્રક્રિયા હાથ ધરી હતી. પરંતુ હવે માર્ગ પરિવહન બાદ ભારતીય રેલવે દ્વારા પણ આ દિશામાં પહેલ કરવામાં આવી ચુકી છે. ચારે ધામને જોડી દેવા માટેની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. સર્વેની કામગીરી હવે કોઈ પણ સમય હાથ ધરવામાં આવનાર છે. ભારતીય રેલવેના એક ટોપના અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે આ ચાર ધામને જોડી દેવા માટે ૩૨૭ કિલોમીટર લાંબી રેલવે લાઈન બિછાવવાની જરૂર પડી શકે છે. આ સમગ્ર નેટવર્ક માટે લાઈનો બિછાવવા માટે આગળ વધતા પહેલા સર્વેની કામગીરીને લીલીઝંડી આપવામાં આવનાર છે. રેલવે અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આગામી નાણાંકીય વર્ષમાં સર્વેની કામગીરી માટે ૧૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી દેવામાં આવી છે. આ રકમથી સર્વેની કામગીરી હાથ ધરાશે. હકીકતમાં સમગ્ર વિસ્તાર પહાડી હોવાથી તેમાં વધારે સમય લાગી શકે છે. સાથે સાથે પૈસા પણ વધારે ખર્ચ થનાર છે. પરંતુ હવે આની શરૂઆત કરી દેવામાં આવી છે. રેલવે લાઈન કયા ક્ષેત્રમાંથી આગળ વધી શકે છે તે બાબત પર મોડેથી ધ્યાન અપાશે.

હાઈવે મારફતે ચાર ધામને જોડવાની પ્રક્રિયા પહેલાથી જ શરૂ થઈ ચુકી છે ત્યારે હવે રેલવે નેટવર્ક મારફતે પણ ચારધામને જોડવાની દિશામાં રેલવે દ્વારા કમર કસી લેવામાં આવી છે. આ તીર્થને જોડવા માટે ૩૨૭ કિમીની રેલવે લાઈન બિછાવવાની જરૂર પડશે.

## ગઈકાલ સુધી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે મળીને બચાવ બચાવની બુમો પાડી રહી છે. પોતાના ભાષણમાં મોદીએ મેરઠના લોકોને વિકાસની રાજનીતિના નામ ઉપર ભાજપને મત આપવા અપીલ કરી હતી. રાજ્યોમાં ખેડૂતોની દુર્દશા અને કાયદા-વ્યવસ્થાની સ્થિતિનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. મોદીએ ભાષણની શરૂઆતમાં કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે થોડાક દિવસ પહેલા સુધી ગામે ગામે જઈને કોંગ્રેસે રેલીઓ યોજી હતી. એકબીજાને નીચા દેખાડવામાં કોઈ અવસરો જવા દીધા ન હતા પરંતુ હવે એકબીજાની પ્રશંસા કરી રહ્યા છે. સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધન ઉપર તેમણે પ્રહાર કર્યા હતા. વડાપ્રધાન એમ પણ કહ્યું હતું કે તેઓ પ્રદેશની સહાયતા માટે દિલ્હીથી જે રકમ મોકલશે તે રકમ અટવાઈ પડશે અથવા તો તેનો ઉપયોગ કરવામાં આવશે નહીં. બે મહિના પહેલા સુધી આ લોકો કહેતા હતા કે માફિયાઓ અને ભ્રષ્ટાચારીઓ છે. ત્યારબાદ આવા લોકોને સપાએ ટિકિટો આપી દીધી છે.

અઢી વર્ષના ગાળામાં ઉત્તરપ્રદેશના વિકાસ માટે બનતી તમામ મદદ કરવામાં આવી છે પરંતુ તેમના ઉપર પ્રદેશના ઘણા કામ હજુ કરવાના બાકી છે. ઉત્તરપ્રદેશના લોકોએ જ તેમને વડાપ્રધાન બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. મોદીએ દાવા સાથે કહ્યું હતું કે જે રકમ મોકલવામાં આવે છે તે લખનૌમાં રોકાઈ જાય છે. મેરઠને પશ્ચિમી ઉત્તરપ્રદેશના વિકાસના દ્વારા તરીકે ગણાવીને તેમણે ભારે પ્રશંસા કરી હતી.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

ખુબ જ અઘરું છે. કેમ કે વ્યક્તિ જેમ જેમ ઉપર જતી જાય છે તેમ તેમ નીચેની વ્યક્તિ અને દુનિયા નાની થતી જાય છે. પરંતુ ડૉ. વિરમભાઈ ગોઢાણિયા શિખરે હોવા છતાંય તળના લોકો સાથે બેસીને સામાજિક સમરસતાની વાતો કર્યા વિના પોતાનું જ ઉદાહરણ પુરું પાડે છે.

એકદમ મૃદુભાષી અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવનાર ડૉ. વિરમભાઈ ગોઢાણિયા એટલે સૂઝ-સમજ, સંવેદના અને સંસ્કારનો ત્રિવેણી સંગમ — અને આ ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને ઘણા માણસોએ ધન્યતા પ્રાપ્ત કરી છે. અનેક આવતી પેઢીની છોકરીઓમાં શિક્ષણની સાથો સાથ સામાજિક, પારાવારિક અને સાંસ્કૃતિક જ્યોતને જલતી રાખવામાં વિરમભાઈ સક્રિય છે. માત્ર સંસ્થા જ નહી પોરબંદર અને આસપાસના વિસ્તારોમાં વિરમભાઈનું નામ એક આદર અને સન્માન સાથે લેવામાં આવે છે. આટલી સમૃદ્ધિ હોવા છતાંય કોઈ પ્રકારનો ખોટો દંભ નહી અને એક વખત વચન આપ્યું તો એને પુરું કરવાનું જ. એવા સમયના એકદમ ચૂસ્ત માણસ. આટલી સમૃદ્ધિમાં મોટાભાગના અમીરોના જીવનમાં અસંખ્ય દિવસો, મહિનાઓ, વર્ષો વ્યર્થ વેડફાઈ જતા હોય છે ત્યારે ડૉ. વિરમભાઈ ગોઢાણિયા પોતાની એક એક મિનિટનો હિસાબ રાખીને સમયને પણ સન્માનિત કરે છે. અને જે વ્યક્તિ સમયનું ધ્યાન રાખે છે સમય એનું પણ ધ્યાન રાખે છે.

એમની કૉલેજમાં - કાર્યક્રમના આયોજન સંદર્ભની એક મિટિંગમાં ડૉ. વિરમભાઈના શબ્દો મને આજે પણ યાદ છે " કનૈયાલાલના ચહેરા પર ઉદાસી ના જોઈએ, એ અહીં હસતા રહેવા જોઈએ જે થાય તે કરો " આજે વિચારું છું તો થાય છે કે અમારો ક્યા જન્મનો સંબંધ હશે ? મને એમના પ્રત્યે અને એમને મારા પ્રત્યે આટલું આકર્ષણ કેમ હશે ? કોઈ ગયા જન્મનું ઋણ હશે કે આ જન્મમાં હજી નિયતિ કંઈક જુદુ વિચારતી હશે ? - અસ્તુ

- 9426060601.india@gmail.com

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

જાણેલી...! એટલે જ તો કહેવાય છે ને કે 'ફેયલોર ઈઝ ધ પ્રાયમરી વ્હીકલ ઓફ સકસેસ'જો તમારે સફળતાની બુલેટ ટ્રેનમાં સફર કરવી હોય તો નિષ્ફળતાથી નિરાશ થવાને બદલે સફળતાની સફરની શરૂઆત જ નિષ્ફળતાની છુક છુક ગાડીથી કરો...!

અને સફળતા ચાંદીની તાસક પર મળે તો સમજજો કે એ ટકાઉ નથી, એ ટકવાની નથી કેમકે એમાં નિષ્ફળતાના હેન્ડલ નહી હોય. દરેક સફળતાથી ભરેલી તાસકના હેન્ડલ નિષ્ફળતાના બનેલા હોવાના અને તો જ એ તાસકને તમે મક્કમતાથી પકડી શકશો. બધાને સફળ થવું છે, મારે, તમારે બધાને..!! આજુબાજુ નજર નાખશો તો ખબર પડશે કે સફળ બધાને થવું છે અને નિષ્ફળ પણ બધા જ થતા હોય છે પણ હકીકત એ છે કે જે નિષ્ફળતામાંથી કશુક શીખીને પ્રયત્નો ચાલુ રાખે છે એ સફળ થાય જ. માળામાંથી ઉડવા મથતું નાનું બચ્ચું કે પછી અનેક વાર પડવા આખડવા છતાં ચાલવા શીખતું બાળક અંતે તો દોડતા અને પક્ષી ઉડતા શીખી જ જાય છે ને..? સો ઓલ થિંગઈઝ ધેટ કે ભૈયા સફળતા માટે તપવું પડે, દાઝવું પડે, છોલાવું પડે, ઘાયલ થવું પડે, જખમ વેઠવા પડે, નિષ્ફળ જવું પડે — નિષ્ફળ જવાય એવી તૈયારી પણ રાખવી પડે અને નિષ્ફળતાને યાદ પણ રાખવી પડે. કોઈ ભલે ને કહે કે નિષ્ફળતા ભૂલો તો જ સફળ થવાય...તદ્દન ખોટી વાત...! હકીકત એ છે કે નિષ્ફળતા જ તમને યાદ અપાવ્યા કરે કે સફળ થવું હોય તો શું નહિ કરવાનું..! કોઈ તોતિંગ સફળતાને યાદ નહિ રાખો તો ચાલશે પણ એક નાનીસરખી નિષ્ફળતાને તો જરૂર યાદ રાખવી જ પડે, ગંભીરતાથી યાદ રાખવી પડે. જે નિષ્ફળતાને ગણકારતો નથી એના સફળ થવાના ચાન્સીસ ઓછા જ છે...! અને આટઆટલું કર્યા પછીયે ક્યારેક સફળતા ન પણ મળે ! ત્યારે...? ત્યારે હથિયાર હેઠાં મૂકી દઈને ' રણછોડ " બની જવાને બદલે સફળતા માટે ઝઝૂમ્યા કરવું પડે...કેમકે "લહેરો સે ડર કર, નૌકા પાર નહિં હોતી, કોશિશ કરને વાલોકી કભી હાર નહિ હોતી"...!!!

વિસામો :

"સફળતા એટલે, એક નિષ્ફળતાથી બીજી નિષ્ફળતા તરફ ઉત્સાહ ગુમાવ્યા વગર વધવું."

—વિન્સ્ટન્ટ ચર્ચિલ

## વિક્રમ મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ગોવામાં વર્ષ ૨૦૧૨ની છેલ્લી ચૂંટણીમાં ૭૭.૭ ટકા મતદાન થયું હતું. જ્યારે ૨૦૦૭માં ૭૦.૫૧ ટકા મતદાન થયું હતું. બીજી બાજુ પંજાબમાં ૭૦ ટકા મતદાન થયું છે. ૨૦૧૨ ચૂંટણીમાં ૭૮.૬ મતદાન થયુંહતું. જ્યારે ૨૦૦૭ની ચૂંટણીમાં ૭૫.૫ ટકા મતદાન નોંધાયું હતું. પંજાબમાં એક તબક્કામાં મતદાનની સાથે જ ૧૧૪૫ ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતા. જ્યારે ગોવામાં ૨૫૧ ઉમેદવારોના ભાવિ મતદાનની સાથે જ સીલ થઈ ગયા છે. હવે સસ્પેન્સની સ્થિતિ મતગણતરી સુધી રહેશે. અગાઉ આજે સવારે વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની શરૂઆત થઈ હતી.શરૂઆતી કલાકોમાં જ કેટલીક જગ્યાએ સારુ મતદાન થયુ હતુ. કેટલીક જગ્યાએ તો મતદાનની શરૂઆત થાય તે પહેલા જ લાંબી લાઈનો જોવા મળી હતી. જ્યારે કેટલાક સ્થળો પર મતદાનની ગતિ ધીમી રહી હતી. તમામ જગ્યાએ મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. પંજાબમાં ૧૧૭ અને ગોવામાં ૪૦ બેઠકો માટે મતદાન થયુંહતું.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ